ક્રમાંકઃ–માવિ.૧/પરીપત્ર/૨૦૧૭/ ૧૯૬૭૮–૯૧૯૧૮

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બનાસકાંઠા જિલ્લો, પાલનપુર
તા. ૨૩/૨/૨૦૧૭

પ્રતિ,
આચાર્યશ્રીઓ,
તમામ બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ,
જિ.બનાસકાંઠા.

**વિષયઃ– રવિવારે તથા જાહેર રજાના દિવસે સ્પર્ધાત્મક પરીક્ષાની તથા અન્ય સરકારી કામગીરીની વળતર રજા બાબતે.**

સંદર્ભઃ–(૧)સા.વ.વિ.પરી.ક્રમાંક ઓએફટી–૧૦૮૦–૧૪૬૬–ઘ,તા.૩૧/૦૩/૧૯૮૨.
(૨)સા.વ.વિ.પરી.ક્રમાંક ઓએફટી–૧૦૮૨–૪૭૦૯–ઘ,તા.૧૧/૦૬/૧૯૮૨.
(૩)અત્રેની કચેરીનો પત્રક્રમાંકઃમાવિ.૧/વળતર રજા/૨૦૧૫/૫૦૭૩૩–૫૧૨૩૩, તા.૧૪/૦૭/૨૦૧૫

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે વિવિધ ખાતાઓ દવારા અવારનવાર રવિવારે તથા જાહેર રજાના દિવસે શાળામાં ફાળવેલ કેન્દ્રો ઉપર સ્પર્ધાત્મક તથા અન્ય પ્રવેશ પરીક્ષાઓ લેવામાં આવે છે.જેમાં સુપરવિઝન તથા અન્ય કામગીરી માટે શાળાના સ્ટાફને રોકવામાં આવે છે.આ કામગીરી માટે વિવિધ ખાતાઓ દવારા નકકી કરેલા દર મુજબ રોકડ પુરસ્કાર જ આપવામાં આવે છે.આ બાબતે બનાસકાંઠા માધ્યમિક શિક્ષક સંઘની રજુઆત છે શિક્ષક ગણ પોતાની રજાના ભોગે પણ આ પ્રકારની પરીક્ષાઓની તમામ પ્રક્રિયામાં સંનિષ્ઠ રીતે કામગીરી બજાવે છે. આ કામગીરીના લીધે તેઓ પોતાના હકકની રવિવાર તથા અન્ય જાહેર રજાના લાભથી વંચિત રહેવાય છે માટે આ કામગીરીને લીધે ન ભોગવી શકેલ રજાના બદલામાં વળતર રજા આપવામાં આવે.

ઉપરોક્ત માંગણી તથા સંદર્ભપત્રોની જોગવાઈઓને ધ્યાને રાખી વિચારણાને અંતે નીચેની સૂચનાઓને ધ્યાને રાખી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં રોકાયેલ અને રજા ન ભોગવી શકેલ સ્ટાફને તેના બદલામાં સંદર્ભ પત્રોમાં કરેલ જોગવાઈ તથા સૂચના મુજબની વળતર રજા આપવાનું ઠરાવવામાં આવે છે.

(૧)આ પ્રકારની વળતર રજા પરીક્ષામાં રોકાયેલ કર્મચારીને જ મળવાપાત્ર થશે.
(૨) આ પ્રકારની વળતર રજા એકી સાથે ફકત એક જ ભોગવી શકાશે.
(૩) આ પ્રકારની વળતર રજા જે–તે શૈક્ષણિક વર્ષમાં ભોગવી લેવાની રહેશે.
(૪) આ પ્રકારની વળતર રજા સર્વિસ બુકમાં ઉધારવાની નથી કે તેની રોકડ રૂપાંતરની ગણતરીમાં ધ્યાને લેવાની નથી.
(૫) આ પ્રકારની વળતર રજા જે–તે શૈક્ષણિક વર્ષ પૂર્ણ થતાં આપોઆપ રદ થઈ જશે.
(૬)અન્ય સુચનાઓ સંદર્ભ પત્ર–૧મુજબની રહેશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને રાખી આ પ્રકારની વળતર રજા આપવાના પરીપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

**<u>નકલ રવાનાઃ–</u>**
–પ્રમુખશ્રી,આચાર્યસંઘ,જાણ સારૂ
–પ્રમુખશ્રી,માધ્યમિક શિક્ષક સંઘ,જાણ સારૂ

Scanned with CamScanner

ક્રમાંકઃ માધ્યમિક/અનુદાન/૨૦૧૭/
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
કારેલીબાગ, વડોદરા
તા. ૬ /૦૩/૨૦૧૭.

પ્રતિ,
આચાર્યશ્રીઓ,
બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક
અનુદાનિત શાળાઓ તમામ.
જિ.વડોદરા.

**વિષયઃ** રવિવારે તથા જાહેર રજાના દિવસે સ્પર્ધાત્મક પરીક્ષાની તથા અન્ય સરકારી કામગીરીની વળતર રજા બાબતે.

---

**સંદર્ભઃ** ૧. સા.વ.વિ.પરી.ક્રમાંકઃઓએફટી-૧૦૮૦-૧૪૬૬-૫,તા.૩૧/૦૩/૧૯૮૨.
૨.સા.વ.વિ.પરી.ક્રમાંકઃઓએફટી-૧૦૮૨-૪૭૦૯-૫,તા.૧૧/૦૬/૧૯૮૨.

---

ઉપરોક્ત વિષય અને સંદર્ભમાં દર્શાવેલ પત્રો અન્વયે જણાવવાનું કે, વિવિધ ખાતાઓ દ્વારા અવારનવાર રવિવારે તથા જાહેર રજાના દિવસે શાળામાં ફાળવેલ કેન્દ્રો ઉપર સ્પર્ધાત્મક તથા અન્ય પ્રવેશ પરીક્ષાઓ લેવામાં આવે છે. જેમાં સુપરવિઝન તથા અન્ય કામગીરી માટે શાળાના સ્ટાફને રોકવામાં આવે છે. આ કામગરી માટે વિવિધ ખાતાઓ દ્વારા નકકી કરેલા દર મુજબ રોકડ પુરસ્કાર જ આપવામાં આવે છે. આ બાબતે વડોદરા જિલ્લાના તમામ ઘટક સંઘની રજુઆત છે શિક્ષક ગણ પોતાની રજાના ભોગે પણ આ પ્રકારની પરીક્ષાઓની તમામ પ્રક્રિયામાં સંનિષ્ઠ રીતે કામગરી બજાવે છે. આ કામગીરીના લીધે તેઓ પોતાના હકકની રવિવાર તથાઅન્ય જાહેર રજાના લાભથી વંચિત રહેવાય છે. માટે આ કામગીરીને લીધે ન ભોગવી શકેલ રજાના બદલામાં વળતર રજા આપવામાં આવે.

ઉપરોક્ત માંગણી તથા સંદર્ભપત્રોની જોગવાઈઓને ધ્યાને રાખી વિચારણાને અંતે નીચેની સૂચનાઓને ધ્યાને રાખી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં રોકાયેલ અને રજા ન ભોગવી શકેલ સ્ટાફને તેના બદલામાં સંદર્ભપત્રોમાં કરેલ જાગવાઈ તથા સૂચના મુજબની વળતર રજા આવાનું ઠરાવવામાં આવે છે.

૧. આ પ્રકારની વળતર રજા પરીક્ષામાં રોકાયેલ કર્મચારીને જ મળવાપાત્ર થશે.
૨. આ પ્રકારની વળતર રજા એકી સાથે ફક્ત એક જ ભોગવી શકાશે.
૩. આ પ્રકારની વળતર રજા જે તે શૈક્ષણિક વર્ષમાં ભોગવી લેવાની રહેશે.
૪. આ પ્રકારની વળતર રજા સર્વિસ બુકમાં ઉધારવાની નથી. કે તેની રોકડ રૂપાંતરની ગણતરીમાં ધ્યાને લેવાની નથી.
૫. આ પ્રકારની વળતર રજા જે તે શૈક્ષણિક વર્ષ પૂર્ણ થતાં આપોઆપ રદ થઈ જશે.
૬. અન્ય સુચનાઓ સંદર્ભ-૧ મુજબની રહેશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને રાખી આ પ્રકારની વળતર રજા આપવાના પરીપત્રનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા

નકલ રવાનાઃ
વડોદરા શહેર તથા જિલ્લાના તમામ ઘટક સંઘો તરફ.

Scanned with CamScanner

જા.નં.માધ્યમિક/...

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,

પંચમહાલ,ગોધરા

તા.૮/૩/૨૦૧૩

પ્રતિ,

આચાર્યશ્રીઓ,

બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક

અનુદાનિત શાળાઓ તમામ,

જિ.પંચમહાલ.

**વિષય :– રવિવારે તથા જાહેર રજાના દિવસે સ્પર્ધાત્મક પરીક્ષાની તથા અન્ય સરકારી કામગીરીની વળતર રજા બાબતે.**

સંદર્ભ :– ૧. સા.વ.વિ.પરી.ક્રમાંક :ઓએકટી–૧૦૮૦–૧૬૬૬–ધ, તા.૩૧/૩/૧૯૮૨

સા.વ.વિ.પરી.ક્રમાંક :ઓએકટી–૧૦૮૨–૬૭૦૮–ધ, તા.૧૧/૬/૧૯૮૨

ઉપરોક્ત વિષય અને સંદર્ભમાં દર્શાવેલ પત્રો અન્વયે જણાવવાનું કે,વિવિધ ખાતાઓ દ્વારા અવાનવાર રવિવારે તથા જાહેર રજાના દિવસે શાળામાં ફાળવેલ કેન્દ્રો ઉપર સ્પર્ધાત્મક તથા અન્ય પ્રવેશ પરીક્ષાઓ લેવામાં આવે છે. જેમાં સુપરવિઝન તથા અન્ય કામગીરી માટે શાળાના સ્ટાફને રોકવામાં આવે છે. આ કામગીરી માટે વિવિધ ખાતાઓ દ્વારા નકકી કરેલા દર મુજબ રોકડ પુરસ્કાર જ આપવામાં આવે છે. આ બાબતે પંચમહાલ જિલ્લાના તમામ ધટક સંધની રજુઆત છે શિક્ષક ગણ પોતાની રજાના ભોગે પણ આ પ્રકારની પરીક્ષાઓની તમામ પ્રક્રિયામાં સંનિષ્ઠ રીતે કામગીરી બજાવે છે.આ કામગીરીને લીધે ન ભોગવી શકેલ રજાના બદલામાં વળતર રજા આપવામાં આવે

ઉપરોક્ત માંગણી તથા સંદર્ભપત્રોની જોગવાઈઓને ધ્યાને રાખી વિચારણાને અંતે નીચેની સુચનાઓને ધ્યાને રાખી વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષામાં રોકાયેલ અને રજા ન ભોગવી શકેલ સ્ટાફને તેના બદલામાં સંદર્ભપત્રોમાં કરેલ જોગવાઈ તથા સુચના મુજબની વળતર રજા આવાનું ઠરાવવામાં આવે છે.

૧. આ પ્રકારની વળતર રજા પરીક્ષામાં રોકાયેલ કર્મચારીને જ મળવાપાત્ર થશે.

૨. આ પ્રકારની વળતર રજા એકી સાથે ફકત એક જ ભોગવી શકાશે.

૩. આ પ્રકારની વળતર રજા જેતે શૈક્ષણિક વર્ષમાં ભોગવી લેવાની રહેશે.

૪. આ પ્રકારની વળતર રજા સર્વિસ બુકમાં ઉધારવાની નથી. કે તેની રોકડ રૂપાંતરની ગણતરીમાં ધ્યાને લેવાની નથી.

૫. આ પ્રકારની વળતર રજા જેતે શૈક્ષણિક વર્ષ પુર્ણ થતા આપો આપ રદ થઈ જશે

૬. અન્ય સુચનાઓ સંદર્ભ–૧ મુજબની રહેશે.

ઉપરોક્ત બાબતોને ધ્યાને રાખી આ પ્રકારની વળતર રજા આપવાના પરીપત્રનો ચુસ્ત પણે અમલ કરવાનો રહેશે.

જિલ્લા શિક્ષણાધિકારી

પંચમહાલ,ગોધરા

**નકલ રવાના :–**

– પંચમહાલ જિલ્લાના તમામ ધટક સંધો તરફ.

– મુગેન્દ્રસિંહ સોલંકી સદસ્ય ગુ.મા.અને ઉ.મા.શિ.બોર્ડ,ગાંધીનગર.

Scanned with CamScanner

## વળતર રજા પ્રવાસ બાબત

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
પરિપત્ર ક્રમાંક : ઓએફટી-૧૦૮૨-૪૭૦૯-ધ,
સચિવાલય, ગાંધીનગર. તારીખ : ૧૧મી જૂન ૧૯૮૨

**વંચાણમાં લીધો** :- સા.વ.વિ.નો પરિપત્ર ક્રમાંક : ઓએફટી-૧૦૮૦-૧૪૬૬-ધ, તા.૩૧મી માર્ચ ૧૯૮૨.

**પરિપત્ર**

જ્યારે કોઈપણ કર્મચારીને જાહેર રજાને દિવસે કચેરીમાં ફરજ પર બોલાવવામાં આવે ત્યારે વળતર રજા આપવા અંગેના સરકારી આદેશો આ વિભાગના તા.૩૧મી માર્ચ ૧૯૮૨ના પરિપત્ર ક્રમાંક : ઓએફટી-૧૦૮૦-૧૪૬૬-ધ થી કરવામાં આવેલ છે અને આ હુકમો સંકલિત રીતે બહાર પાડવામાં આવેલ છે. આ હુકમો સ્વયં સ્પષ્ટ છે અને તે મુજબ રાજ્ય સરકારના બધા વિભાગો, ખાતાં, કચેરીઓએ કાર્યવાહી કરવા આ આદેશોમાં વિનંતી કરવામાં આવી છે.

૨. ઉપરોક્ત આદેશો અસ્તિત્વમાં હોવા છતાં રાજ્ય સરકાર સમક્ષ એવી રજૂઆત થઈ છે કે કેટલાક ખાતા/કચેરીઓ દ્વારા આ હુકમોનું યોગ્ય પાલન થતું નથી અને સરકારી કર્મચારીઓને જાહેર રજાના દિવસે ફરજ પર બોલાવવામાં આવ્યા હોય છતાં કેટલાક કિસ્સાઓમાં તેમને મળવાપાત્ર વળતર રજાઓનો લાભ આપવામાં આવતો નથી. આ બાબત યોગ્ય નથી.

૩. આથી સચિવાલયના સર્વે વિભાગો, તેમની હસ્તકના ખાતાના વડાઓ અને કચેરીના વડાઓનું લક્ષ ઉપરોક્ત હુકમો પરત્વે દોરતાં તેઓને જણાવવાનું કે આ હુકમોનું પાલન પૂરેપૂરું કરવામાં આવે, તે માટે સરકાર આગ્રહી છે અને જો કોઈપણ કચેરી કે ખાતા તરફથી આ હુકમોના અનાદર અંગેની ફરિયાદ રાજ્ય સરકારને મળશે તો તે અંગે યોગ્ય તે કાર્યવાહી કરવામાં આવશે. આથી સંબંધિત સર્વેને વિનંતી કરવામાં આવે છે કે વળતર રજા અંગેના આદેશોનું યોગ્ય પાલન થાય તે અંગે બધા જ વિભાગો, ખાતા અને કચેરીઓ કાળજીપૂર્વક કાર્યવાહી કરે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**દિ. ચં. અંતાણી,**
નાયબ સચિવ (પ્રોટો)
સા.વ.વિ., ગુજરાત સરકાર.



Scanned with CamScanner